33

ગુજરાત ગોપાલક વિકાસ નિગમમાં લોન વસુલાત મદદનીશ( વર્ગ-૩) ની એક જગ્યા ઉભી કરવા બાબત. રૂ. ૩.૫૦ લાખ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૪-ન.બા.૬૧૯-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 6 AUG 2014

વંચાણે લીધાઃ-

૧. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૧૦/૩/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ વિજાક-મકમ-૨૦૧૩-૧૪/૫૩૮-૩૯

ઠ રા વઃ-

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ એ રાજય સરકારશ્રીની સંપૂર્ણ માલિકીનું નિગમ છે. આ નિગમની રચના રબારી અને ભરવાડ સમાજના સર્વાંગી વિકાસ, ઉત્કર્ષ કરવાના હેતુસર કરવામાં આવેલ છે. આ નિગમ ભારત સરકારના રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કાર્ય કરે છે. રબારી, ભરવાડ સમાજના લોકોના સર્વાંગી વિકાસ તેમજ ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓ બનાવી અને લોન આપવાની કામગીરી કરે છે. આ લોનની વસુલાતની કામગીરી ઝડપથી થઇ શકે તે માટે નિગમમાં વસુલાત મદદનીશ વર્ગ-૩ ની (રૂ. ૯૩૦૦-૩૪૮૦૦)(ગ્રેડ પે ૪૪૦૦) ના પગાર ધોરણવાળી ૧ જગ્યા મહેસુલ વિભાગના નાયબ મામલતદાર સંવર્ગમાંથી પ્રતિનિયુકિતના ધોરણે ભરવાની શરતે ઉભી કરવા માટે વંચાણ હેઠળના તા. ૧૦/૩/૨૦૧૪ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના ખાતા ધ્વારા રૂ. ૩.૫૦ નવી બાબતની દરખાસ્ત કરેલ છે. જેનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ગોપાલક વિકાસ નિગમમાં લોનની વસુલાતની કામગીરી ઝડપથી થઇ શકે તે માટે નિગમમાં વસુલાત મદદનીશ વર્ગ-૩ ની (રૂ. ૯૩૦૦-૩૪૮૦૦)(ગ્રેડ પે ૪૪૦૦)ના પગાર ધોરણવાળી ૧ જગ્યા મહેસુલ વિભાગના નાયબ મામલતદાર સંવર્ગમાંથી પ્રતિનિયુકિતના ધોરણે ભરવાની શરતે ઉભી કરવા માટે રૂ. ૩.૫૦ લાખની નવી બાબતની નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિતજાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ -૦૩ પછાતવર્ગોનું કલ્યાણ-૧૯૦-જાહેર ક્ષેત્રને નાણાકીય સહાય બીસીકે-૨૮૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી અને ભરવાડ જાતિઓ માટે ગુજરાત ગોપાલક વિકાસ નિગમને સહાય હેઠળ ઉધારવો અને તે હેઠળ ઉધારવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગની તા. ૧૭/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ, ગ, બ-શાખા, સા.ન્યા.અને અધિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.